Divya Bhaskar

June 17, 2026
J-II

# જસદણની પટારી હસ્તકલાને મળ્યો ભૌગોલિક ઓળખનો જીઆઈ ટેગ



ભાસ્કર ન્યૂઝ | જસદણ

જસદણની પરંપરાગત પટારી હસ્તકલાને ભૌગોલિક ઓળખ (GI) ટેગ મળ્યું છે. સાગના લાકડામાં પિત્તળ અને તાંબાના નકશીકામથી તૈયાર થતી આ અનોખી પટારી જ્વેલરી, કપડા અને હોમ ડેકોર માટે વિશ્વભારમાં ખુબ જ લોકપ્રિય છે. હાલમાં 250થી વધુ કારીગરો આ હસ્તકળા સાથે સંકળાયેલા છે.

## ટેગથી કારીગરોને ફાયદો થશે

આ ટેગ મળવાથી બજારમાં નકલી કે ઈમિટેશન પ્રોડક્ટ્સના વેચાણ પર રોક લાવી શકે છે. પટારીના ઉત્પાદન અને વેચાણના હક સ્થાનિક કારીગરો પાસે રહેશે. સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રાન્ડિંગ મજબૂત બનશે, જેનાથી કારીગરોને તેમના કામની સારી રકમ મળી શકશે. લુપ્ત થતી કળાઓને રિવાઈવ કરી લોકો સુધી પહોંચાડાશે.